નવગુજરાત સમય, પાના નંબર :- ૨૨

તારીખ :- ૦૯/૦૨/૨૦૨૬

### અમદાવાદ, ગાંધીનગર જવા મેટ્રોની વિશેષ સેવા સાથે પેપર ટિકિટ

# મોટેરા સ્ટેડિયમમાં વર્લ્ડ કપની મેચ માટે મેટ્રો ટ્રેન મોડી રાત સુધી દોડશે

**મોટેરા અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં રાત્રે 10 પછી પેપર ટિકિટ જ માન્ય**

**નવગુજરાત સમય** > ગાંધીનગર

આઈસીસી મેન્સ ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપ ડે-નાઈટ ક્રિકેટ મેચનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારી ડે-નાઈટ મેચ માટે અમદાવાદ અને ગાંધીનગરની મેટ્રો ટ્રેન સેવાનો સમય લંબાવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ લગભગ સાત જેટલી મેચ મોટેરા ખાતે સ્ટેડિયમમાં યોજાશે. તે જોવા મોટી સંખ્યામાં પ્રેક્ષકો ઉમટતા હોવાથી મેચના દિવસો માટે જ મોડે સુધી મેટ્રો ટ્રેન દોડાવાશે. જેમાં મોટેરા સ્ટેડિયમથી એપીએમસી રાત્રે 10થી 12.30 સુધી, ઓલ્ડ હાઈકોર્ટ ઈન્ટરચેન્જથી વસ્ત્રાલ ગામ રાત્રે 10થી 12.50 સુધી, ઓલ્ડ હાઈકોર્ટ ઈન્ટરચેન્જથી થલતેજ ગામ રાત્રે 10થી 12.50 સુધી અને મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી રાત્રે 11.40 અને રાત્રે 12.10 સુધી સ્પેશિયલ મેટ્રો ટ્રેન દોડાવાશે. લંબાવેલા સમય દરમિયાન મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોના બંને કોરિડોર મોટેરા સ્ટેડિયમથી એપીએમસી અને વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધીના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરી શકશે.

GMRC દ્વારા મેચના દિવસ માટે રાત્રે પરત ફરવા માટે સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવી છે. તેનું ભાડું વ્યક્તિ દીઠ 50 રૂપિયા રહેશે. જેનો ઉપયોગ ટ્રેનના લંબાવેલા સમય માટે મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદના બંને કોરિડોર અને ગાંધીનગરના મહાત્મા મંદિર સુધી જવા માટે થઈ શકશે. રાત્રે 10 પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ માટે માત્ર સ્પેશિયલ પેપર ટિકિટ જ માન્ય રહેશે. જે વિવિધ સ્ટેશને અગાઉથી ખરીદી શકાશે.



**અમદાવાદમાં મેચની તારીખો**

| | |
|---|---|
| 9 ફેબ્રુઆરી | 11 ફેબ્રુઆરી |
| 14 ફેબ્રુઆરી | 18 ફેબ્રુઆરી |
| 22 ફેબ્રુઆરી | 26 ફેબ્રુઆરી |
| 8 માર્ચ ફાઇનલ (સંભવતઃ) | |